## હા... સાહેબ !

"સાંભળ્યુ સાહેબ...?"

"શું સંભળાવો છો...!! છે કાંઈ ખાસ."

"અરે જુઓને, બનાસકાંઠા-પાટણમાં પાણીના પૂર ઓસર્યા અને વાણીના પૂર ઉમટ્યા..."

"એટલે ?"

"અરે, સાહેબ... આજે તો નેતાઓ જ નેતાઓ, જાણે નેતાઓના પૂર આવ્યા હોય એવુ લાગતુ હતુ..."

"અલ્યા ભાઈ ! તમે તો ખરા છો યાર...!

"આવે તોય ટીકા અને ન આવે તોય ટીકા...!"

"ટીકાની વાત નથી સાહેબ... વાસ્તવિકતા તો એવી છે કે નેતાઓ આવે એટલે તંત્ર એમની વ્યવસ્થામાં લાગી જાય અને રાહતકાર્ય અટકી જાય..."

"હોતું હશે એવું, તમેય હાંકે રાખો છો...!"

"અરે સાહેબ ગઈકાલની જ વાત લ્યો ને....

બે કેન્દ્રીયમંત્રીઓ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે આવ્યા અને કલેક્ટર અને મામલતદારો એમની વ્યવસ્થામાં લાગી ગયા. એમને સાંભળવા શ્રોતાઓ, એમને સંભળાવવા અસરગ્રસ્તો... આ બધુ કોણ લાવે અને કોણ વ્યવસ્થા કરે ? અરે, એટલુ જ નહિ ખાસ બસો દોડાવી અસરગ્રસ્તોને એક સ્થાને એકત્રિત કર્યા - મંત્રીઓની વાતો સાંભળવા માટે...!

".... અને આજે..."

"હા સાહેબ આજે પણ એવુ જ. મુખ્યમંત્રી આવ્યા, મંત્રીઓ આવ્યા, અહેમદભાઈ આવ્યા, ગહેલોત આવ્યા. આ બધાની વ્યવસ્થા તો કરવી જ પડે ને, સરકાર હોય એટલે તંત્રને કરવી પડે, અને વિરોધપક્ષ હોય એટલે કાર્યકરોને કરવી પડે, પણ સરવાળે રાહતકામ અટકે છે અને ધીમુ પડી જાય છે એ સો ટકાની વાત છે."

"હા, બેય બાજુનુ દુ:ખ છે...!"

"અરે સાહેબ રાહતની વાત તો એકબાજુ રહી અને રાજકીય દેકારા ને પડકારા જ ચાલ્યા. રૂપાણીસાહેબે અહેમદભાઈને ભાંડી અને અહેમદભાઈએ રૂપાણીસાહેબને ભાંડી. આ બધામાં પૂરપીડિતો... રાહત-સહાય... ક્યાં ?"

"આ વાત તમારી સાચી છે. ક્યાં રાજકારણ હોવુ જોઈએ અને ક્યાં રાજકારણ ના હોવુ જોઈએ એની આચારસંહિતા કોઈ જાણતુ નથી. સાહેબ, આ રાજકારણે તો હદ કરી નાંખી છે. ગામે ગામ, ગલીએ ગલીએ, ઘરે ઘરે રાજકારણની કૂટનીતિનો વાયરસ ફેલાતો જ જાય છે... ફેલાતો જ જાય છે..."

"આનુ તો કાંઈક કરવુ તો પડે જ હોં...?"

"હા, એ તો પ્રજા જ આખરી સત્તા છે. પાઠ શીખવાડવા પડે. અને ચૂંટણી વખતે જ્ઞાતિ, સમાજ, લોભ, લાલચને ફગાવીને ગંદુ રાજકારણ રમતા નેતાઓને સબક શીખવવાનો સમય આવી પહોંચ્યો છે."

- નિમિત માત્ર


**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010. Tel.: +91-79-66701001 Fax: +91-79-23268506 Website: www.gspcgroup.com E-mail: investors.gspl@gspc.in

**NOTICE**

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Friday, the 11th August, 2017, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 30th June, 2017.
The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
Sd/-
Reena Desai
Company Secretary
Place: Gandhinagar
Date: 29th July, 2017



મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515




વળતર શિક્ષણ - શહેરમાં પાંચ દિવસ સતત વરસાદને કારણે શાળા-કૉલેજો બંધ રખાઈ હતી... બંધ દરમિયાન શિક્ષણ કાર્યને પહોંચી વળવા કડી સર્વવિદ્યાલયની શિક્ષણ સંસ્થાઓએ પાંચ રવિવાર શિક્ષણ કાર્ય ચાલુ રાખીને પડેલી ખોટને પહોંચી વળવાનો સંકલ્પ કર્યો છે... રવિવારના દિવસે કડી કેમ્પસની તમામ શિક્ષણ સંસ્થાઓ કાર્યરત રહી હતી... શિક્ષણ ક્ષેત્રના અનુકરણીય પગલાની પ્રસંશા સાર્વત્રિક થઈ રહી હતી...

# ગાંધીનગરના ત્રણ મામલતદાર બદલાયા : પાંચ નવા આવ્યા

### ત્રણ ખાલી જગ્યાઓ ભરાઈ : ડિઝાસ્ટર મામલતદારની જગ્યા ખાલી રહી

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના મહેસુલ વિભાગે ગઈકાલે મોડી રાત્રે ૯૫ જેટલા મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલી કરી છે અને ૨૨૩ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપતાં રાજ્યના મહેસુલતંત્રમાં ભારે મોટી ઉથલપાથલ થવા પામી છે.

ગાંધીનગર જિલ્લામાંથી મામલતદાર સંવર્ગના ૩ અધિકારીઓની બદલી થઈ છે જ્યારે પાંચ નવા અધિકારીઓ આવ્યા છે. જેમાં માણસા અને કલોલ મામલતદારની જગ્યા જે ચાર્જમાં ચાલતી હતી તે ભરાઈ જવા પામી છે. આ ઉપરાંત ડિઝાસ્ટર મામલતદારની જગ્યા ખાલી રહેવા પામી છે.

ગાંધીનગર જિલ્લામાંથી મામલતદાર સંવર્ગના જે અધિકારીઓ બદલાયા છે તેમાં કલેક્ટર કચેરીના ચીટનીસ ખોખરિયાની બદલી સાબરમતી મામલતદાર અમદાવાદ તરીકે, દહેગામ મામલતદાર કે.વી. ખાંટની બદલી મામલતદાર વડાલી તરીકે અને મામલતદાર ડિઝાસ્ટર તરીકે ફરજો બજાવતા શ્રીમતિ જયશ્રીબેન શાહની બદલી કડી મામલતદાર તરીકે કરવામાં આવી છે.

ચીટનીસ ખોખરીયાના સ્થાને દસક્રોઈ મામલતદાર તરીકે ફરજો બજાવવતા કે.કે. ઝાલાને મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત ઘાટલોડિયા યુએસસી મામલતદાર તરીકે ફરજો બજાવતા એચ.એસ. રાઠોડને દહેગામ મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે.

મામલતદાર જમીન ફાળવણીની જગ્યા જે કલેક્ટર ઓફિસમાં ખાલી હતી ત્યાં પોરબંદર મામલતદાર તરીકે ફરજો બજાવતા એચ.પી. સોલંકીને મુકવામાં આવ્યા છે. કલોલ અને માણસા મામલતદારની જગ્યાઓ જે ચાર્જમાં ચાલતી હતી તે પણ નવા હુકમમાં ભરાઈ છે. નાયબ મામલતદાર તરીકે અમદાવાદમાં ફરજ બજાવતા મહેશભાઈ સોનીને મામલતદાર માણસા તરીકે બઢતી આપી નિયુક્ત કરાયા છે તો નાયબ મામલતદાર આણંદમાં ફરજો બજાવતા વિષ્ણુભાઈ પટેલને મામલતદાર તરીકે બઢતી આપી કલોલ મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે.

# ઓગષ્ટના અંતથી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

### ઓગષ્ટમાં રૂપાણી સરકારનું એક વર્ષ પણ પુરૂ થઈ રહ્યુ છે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં ઓગષ્ટના અંતથી રાજ્ય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરશે તેમ અત્યંત વિશ્વસનીય સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકાર લોકોની વચ્ચે જવાનો અને તેના થકી સરકારની કામગીરીનો હિસાબ આપી શકાય તે હેતુથી આ સમયગાળાની પસંદગી કરી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતોપ્રમાણે ૧૫મી સપ્ટેમ્બર સુધી રાજ્યભરમાં ગરીબ કલ્યાણમેળાઓ ચાલશે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ૧૫મી ઓગષ્ટની ઉજવણીમાં પણ વિકાસનો સંદેશ આપવાની વ્યુહરચના તૈયાર કરેલ છે. જેમાં ગતિશીલ ગુજરાતની નિર્ણાયક સરકારના નિર્ણયોની જાણકારી આપવામાં આવશે.

રાજ્ય સરકારે જિલ્લાના તંત્રોને ગરીબ કલ્યાણ મેળાના આયોજનો તૈયાર કરવા માટેના સંકેતો આપી દીધા છે અને આ અંગેની બેઠકોનો સિલસિલો આરંભાઈ ચુક્યો છે.

ઓગષ્ટમાં વર્તમાન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકારને એક વર્ષ પૂર્ણ થઈ રહ્યુ છે એટલે જ ઓગષ્ટથી ગરીબ કલ્યાણ મેળા અને વિકાસ પર્વ જેવા વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે.

## આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક બપોરે ૩ વાગે મહાનગરપાલિકા ખાતે મળશે. આ બેઠકમાં સે. ૭, ૨૪ અને ૨૭ના બગીચાઓના રિડેવલપીંગની કામગીરી જે રૂ. ૪ કરોડથી વધુના ખર્ચે હાથ ધરવાની છે તે અંગે કમિશનર તરફથી મળેલ દરખાસ્ત પર ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવાશે. આ બેઠકમાં શહેરમાં ઉત્પન્ન થતા ઘનકચરાનું વેસ્ટ ટુ વેસ્ટ પ્રોસેસ કરવા અંગેના ટેન્ડરને પણ મંજૂરીની મહોર મારવામાં આવે તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત મનપાના વ્હીકલપુલમાં વ્હીકલોની વાર્ષિક મરામત માટેની એજન્સી પણ આ બેઠકમાં નિયત કરવામાં આવશે. આ માટે ટેન્ડરીંગની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને કમિશનરે તેની દરખાસ્ત પણ મંજૂરી માટે મોકલી હોવાથી નિર્ણય લેવાશે તેમ મનાઈ રહ્યું છે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


# નવીન શાહ હત્યા પ્રકરણે ગાંધીનગર કનેક્શન ખુલવાની વધતી શક્યતા

### તપાસ માટે સીબીઆઈની ચાર ટીમો સક્રીય : ચકચારી હત્યા કેસમાં ગાંધીનગર કનેક્શન ખુલે તેવી શક્યતા : એક હુક્કાબારના માલીકની સંડોવણી ખુલી : ખાનગી સુત્ર

ગાંધીનગર, તા. ૩૦

નવનીત ગાલા પબ્લીકેશનના ડાયરેક્ટર નવીન શાહના અપહરણ બાદ કરાયેલી હત્યાના ચકચારી ગુનામાં ગાંધીનગર કનેક્શન ખુલે તેમ છે. ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે તેની ચાર ટીમો અલગ અલગ મુદ્દાઓ પર તપાસ માટે દોડતી કરી છે. ગાંધીનગર જિલ્લાના જ એક હુક્કાબારના માલીકની પણ આ ગુનામાં સંડોવણી ખુલી હોવાની ખુલ્યુ છે તેવુ ખાનગી સુત્ર પાસેથી જાણવા મળ્યુ છે.

આ ચકચારી હત્યા કેસની તપાસ ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી. પુરોહીત ચલાવી રહ્યા છે. એલસીબીએ ચાર અલગ અલગ ટીમો બનાવી તપાસ માટે સક્રિય કરી છે. એક ટીમ કોલ ડીટેલ્સ, મોબાઈલ લોકેશન સહીતના ટેકનીકલ સર્વેલન્સના અભ્યાસ માટે બનાવી છે. બીજી ટીમ બનાવના રૂટ પર આવતા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવવા અને તેનો અભ્યાસ કરવા બનાવી છે. પકડાયેલા બે આરોપીઓ ઉપરાંત જે ત્રીજા આરોપીનું નામ ખુલ્યુ છે તે શૈલેષ પટેલ ઊર્ફે એસ.પી. ગુનાહીત ઈતિહાસ ધરાવતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. તેના રેકોર્ડસ મેળવાઈ રહ્યા છે. ત્રીજી ટીમ આ શૈલેષને ટ્રેક કરી પકડી પાડવા કામે લાગી છે અને ચોથી ટીમ આ ગુનાની વધુ આંતરીક માહિતીઓ એકત્રીત કરવા કામે લગાડવામાં આવી છે. નોંધનીય બાબત એ છે કે શૈલેષ પટેલ આ ગુનાનો માસ્ટર માઈન્ટ હતો અને પોલીસ પકડી ન શકે તે માટે મોબાઈલ નેટવર્ક અને કોલ ડીટેઈલ્સમાં ફસાવાય નહી તેની ખાસ તકેદારી રાખી હતી. નવીનચંદ્ર શાહને બોલાવવા જે ફોન અને સીમકાર્ડ વપરાયુ હતુ તે ફોન અને સીમકાર્ડ યુઝ એન્ડ થ્રો તરીકે વપરાયુ હતુ અને લોકેશન પણ ન બદલાય તેની ખાસ કાળજી રાખવામાં આવી હતી. ખાનગી સુત્ર પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર કનેક્શન પણ આ ગુનામાં ખુલ્યુ છે. ગાંધીનગરના બે કે તેથી વધુ આરોપીઓના નામ ખુલે તેવી શક્યતા છે. જેમાં ગાંધીનગરના એક હુક્કાબારના માલીકનું નામ પણ ખુલ્યુ હોવાનુ સુત્ર પાસેથી જાણવા મળ્યુ છે. જો કે આ બાબતનુ સત્તાવાર સમર્થન મળ્યુ નથી.

# રાજ્યસભાની ચૂંટણીમાં પણ પંચની પેનથી જ મતદાન કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યસભાની ૮મી ઓગષ્ટે યોજાનાર ચૂંટણીમાં મતદાન માટે હવે રાજ્ય સરકાર ચૂંટણી પંચે વિકસાવેલી ખાસ પેન ખરીદશે અને તેનાથી જ મતદાન કરાવાશે.

**સરકારે આ મતદાન માટે ખાસ ત્રણ પેન ખરીદવાનો કરેલો નિર્ણય : એકાદ દિવસમાં ઓર્ડર અપાશે**

રાજ્યસભાની ચૂંટણી મતપત્રકથી થતી હોય છે અને તેમાં ધારાસભ્યને પસંદગીના ક્રમ ઉમેદવારના નામ સામે દર્શાવવાના હોય છે. આથી અલગ અલગ પેન્સીલ કે પેનનો ઉપયોગ ન થાય અને પંચ દ્વારા જ વિકસાવવામાં આવેલી પેનનો ઉપયોગ કરવાની પંચની સૂચનાને પગલે રાજ્ય સરકાર આ માટે ખાસ પેન ખરીદશે. સરકારના વિશ્વસનીય સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકાર દ્વારા ૩ પેનો ખરીદવામાં આવનાર છે. આ માટેનો ઓર્ડર ૩૧મી પછી એકાદ દિવસમાં જ અપાઈ જશે. વાયોલેટ કલરની ઈન્ક ધરાવતી આ પેનથી મતદાન કરવામાં આવશે જેથી મતગણતરીમાં પણ સરળતા રહેશે. મળતી વિગતો પ્રમાણે રાજ્યસભાની ચૂંટણી માટેનું મતદાન મથક પણ સાપુતારા હોલ સ્વર્ણિમ સંકુલ-૨ જ રાખવામાં આવ્યુ છે.

રાજ્યસભાની ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા નિરીક્ષક પણ નિમવામાં આવે તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે. આ ચૂંટણી માટે ગઈકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી સંપન્ન થયા બાદ આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. ડમી ઉમેદવારો દ્વારા વિધિવત્ રીતે તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાશે અને આ પછી ચાર ઉમેદવારો મેદાનમાં રહેશે. વિધાનસભા સચિવાલય દ્વારા આ ચૂંટણીને લઈ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.




ભગવાન નેમીનાથનો જન્મકલ્યાણ મહોત્સવ - શહેરના જૈન દેરાસર ખાતે ભગવાન નેમીનાથનો જન્મકલ્યાણ અને દિક્ષાકલ્યાણક મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી... ચાતુર્માસ નિમિત્તે વિવિધ ઉત્સવોની ઉજવણીના ભાગરૂપે રવિવારે વહેલી સવારથી ભગવાન નેમીનાથના જન્મકલ્યાણકથી દિક્ષા કલ્યાણક સુધીના પ્રસંગોને મહારાજ સાહેબે અદ્ભૂત રીતે વર્ણવ્યા અને ઉજવાયા હતા...

# પાટણમાં જળસંકટથી થયેલ નુકશાનીના સર્વેલન્સ માટે પંચાયતની પાંચ ટીમ મોકલાઈ

ગાંધીનગર, તા. ૩૦

ઉત્તર ગુજરાતમાં જળસંકટથી થયેલા નુકશાનીના સર્વેમાટે ગાંધીનગર જિલ્લા પંચાયતની પાંચ ટીમો આજે પાટણ જવા રવાના થઈ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાંથી નાયબ ચીટનીસ અને એન્જીનીયરોની ટીમ બનાવી મોકલવામાં આવી છે. આજે એક ખાસ વાહન દ્વારા આ ટીમો રવાના કરાઈ હતી. જે હવે પછી પાટણ જિલ્લા વિકાસ અધિકારીને ત્યાં ફરજ બજાવશે.

આ અગાઉ ગાંધીનગર જિલ્લા પંચાયતમાંથી આરોગ્યની પણ પાંચ ટીમો તબીબી અધિકારીઓ સાથેની મોકલવામાં આવી છે જે ઉલ્લેખનીય છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પંચાયતને પણ હજુ તૈયાર રહેવાની સૂચના આપવામાં આવી છે એટલે કદાચ હજુ વધુ ટીમો આગામી દિવસોમાં મોકલવામાં આવે તેવી શક્યતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે સર્વેલન્સની કામગીરી એક સપ્તાહમાં જ પુરી થઈ શકે તે માટે વિવિધ જિલ્લાઓમાંથી અનુભવી કર્મચારીઓનીટીમો બનાવી મોકલવામાં આવી રહી છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com